આંગણવાડીઓ, શાળાઓ અને આરોગ્ય કેન્દ્રોમાં દાન આપનાર દાતાઓ તથા CSR કંપનીઓનું વિશેષ સન્માન

# આણંદ જિલ્લા પંચાયતનું 1.35 કરોડની પુરાંતવાળું બજેટ સર્વાનુમતે મંજૂર થયું

**તાલુકા** દીઠ શ્રેષ્ઠ ત્રણ ગ્રામ પંચાયતોને રોકડ પુરસ્કાર આપવાની જોગવાઈ કરાઈ

(પ્રતિનિધિ) આણંદ તા 2

આણંદ જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આણંદ જિલ્લા પંચાયત ખાતે ખાસ સાધારણ સભા યોજાઈ હતી, જેમાં વર્ષ 2026-27નું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.

સામાન્ય સભા દરમિયાન વર્ષ 2026-27ના અંદાજપત્રમાં જિલ્લા પંચાયતના સ્વભંડોળની આવક રૂપિયા 2405.41 લાખ અને ખર્ચ રૂપિયા 2270.09 લાખ અંદાજવામાં આવ્યો છે. વર્ષના અંતે રૂપિયા 135.32 લાખની પુરાંત રહેવાનો અંદાજ છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા તબદીલ



થયેલી પ્રવૃત્તિઓ સહિત કુલ રૂપિયા 171406.99 લાખની આવક અને રૂપિયા 126093.18 લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. તેમજ સભામાં સ્વભંડોળના ખર્ચમાં રૂપિયા 73.40લાખની નવી બાબતો ઉમેરવામાં આવી છે અને કેટલાક મહત્વના નિર્ણયો પણ લેવાયા છે.

આ સભામાં ખેડૂતના અકસ્માત મૃત્યુના કિસ્સામાં રાજ્ય સરકારની રૂપિયા 4 લાખની સહાય ઉપરાંત, જિલ્લા પંચાયત સ્વભંડોળમાંથી વધારાની રૂપિયા 35 હજારની સહાય આપશે. આરોગ્ય ક્ષેત્રે પ્રસૂતિ દરમિયાન માતાના મરણના કિસ્સામાં તેના વારસદારને જિલ્લા પંચાયત દ્વારા રૂપિયા 50 હજારની આર્થિક સહાય આપવામાં આવશે. કુપોષણ મુક્ત અભિયાનને વેગ આપવા માટે, તાલુકા દીઠ શ્રેષ્ઠ કામગીરી કરતી ત્રણ ગ્રામ પંચાયતોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. જિલ્લા પંચાયત ખાતે ફરજ બજાવતી મહિલા કર્મચારીઓ અને મુલાકાતીઓના બાળકોની સાચવણી માટે માટે રૂપિયા 10 લાખના ખર્ચે નવીન આધુનિક ઘોડિયાઘર બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત આ ઘોડિયા ઘરના મેન્ટેનન્સ પેટે 10 લાખ ની જોગવાઈ કરવામાં આવી છે. આ ઘોડિયા ઘરનું જિલ્લા પંચાયત પ્રમુખ, કેબીનેટ મંત્રી , રાજ્ય મંત્રી અને મહાનુભાવોના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

આ બજેટમાં શિક્ષણ ક્ષેત્રે , બાંધકામ ક્ષેત્રે અને નાની સિંચાઈ માટે મોટી રકમની ફાળવણી કરવામાં આવી છે. આ સાથે જ આંગણવાડીઓના રિપેરિંગ, સ્માર્ટ આંગણવાડી બનાવવા, પશુ સારવાર કેમ્પ અને અનુસૂચિત જાતિ/બક્ષીપંચ વિસ્તારમાં પેવિંગ બ્લોક તથા રોડ રસ્તાના કામો માટે પણ વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ પ્રસંગે આંગણવાડીઓ, શાળાઓ અને આરોગ્ય કેન્દ્રોમાં દાન આપનાર દાતાઓ તથા CSR અંતર્ગત સહયોગ આપનાર કંપનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# નડિયાદ: અસરગ્રસ્ત પરિવારોને ભાડાના ચેકોનું વિતરણ કરાયું

**નડિયાદમાં** 133 કરોડના ખર્ચે 900 નવા આધુનિક આવાસોનું કામ ઝડપી બન્યુ



(પ્રતિનિધિ) નડિયાદ તા.2

નડિયાદમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના પ્રગતિનગરના 600 મકાનો અને પુનેશ્વર નગરના 300 મકાનો મળી કુલ 900 આવાસોને તોડીને ત્યાં આધુનિક સુવિધાયુક્ત નવા મકાનો બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ સમગ્ર રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટ અંદાજે 133 કરોડના ખર્ચે સાકાર થઈ રહ્યો છે, જેનું કામ હાલ પ્રગતિ હેઠળ છે,. નવા પ્રોજેક્ટમાં રહીશોને તમામ જરૂરી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

જ્યાં સુધી નવા મકાનો તૈયાર ન થાય ત્યાં સુધી રહીશોને આર્થિક સહાય મળી રહે તે હેતુથી, જે પરિવારોની ફાઈલિંગની કામગીરી પૂર્ણ થઈ છે તેમને માસિક 2700 લેખે ભાડાના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્યક્રમ નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈના હસ્તે યોજાયો હતો, જેમાં તેમણે લાભાર્થી પરિવારોને ચેક અર્પણ કર્યા હતા. આ વિશેષ કાર્યક્રમ દરમિયાન એસોસિયેશનના પ્રમુખ દરબારકાકા, નગીનભાઈ, બિલ્ડર સંદીપભાઈ તથા પાર્કરભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સોજિત્રાતાલુકામાંક્ષત્રિયસમાજનો સાદગીથી સમાજસેવા માટે સંકલ્પ

**18 મુદ્દાઓ** પર ક્ષત્રિય સમાજનો ઐતિહાસિક એકમત સાથે નિર્ણય



(પ્રતિનિધિ) સોજિત્રા, તા.2

સોજિત્રાના કાસોર ગામે ક્ષત્રિય સમાજના ઉત્થાન અને સામાજિક સુધારાના હેતુથી તાલુકા સ્તરની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. તાલુકા અને વિધાનસભા વિસ્તારમાં સમાવિષ્ટ વિવિધ ગામોમાંથી સમાજના આગેવાનો, પ્રતિષ્ઠિત નાગરિકો, યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં યુવાનો દ્વારા ડી.જે અંગેના પ્રતિબંધ અંગેના નિર્ણયને આવકાર્યો હતો.

સમાજમાં વધતી દેખાદેખી, વધારાનો ખર્ચ અને અંધરીતિઓ પર નિયંત્રણ લાવવાના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આગેવાનોએ જણાવ્યું હતું કે સમયની માંગ મુજબ ખર્ચાળ પ્રથાઓને બદલે સંયમ, સમજદારી અને સંસ્કારને પ્રાથમિકતા આપવાની જરૂર છે.

ચર્ચા દરમિયાન જન્મદિન ઉજવણીમાં અતિશય ખર્ચ, વસ્ત્રો અને વેવિશાળમાં આડંબર, લગ્ન પ્રસંગે ડી.જે. અને ભવ્ય દેખાદેખી, શ્રીમંતાઈ દર્શાવવાની માનસિકતા, બાધા-પૂરત જેવી અંધશ્રદ્ધા, તહેવારોમાં ફજૂલખર્ચ, મામેરું પ્રથા, છૂટાછેડા સંબંધિત સામાજિક સંવેદનશીલતા, મરણ પ્રસંગની અતિશય વિધિઓ તેમજ પ્રેમલગ્ન સહિત કુલ 18 મુદ્દાઓ પર ચર્ચા બાદ સર્વસંમતિથી ઠરાવ આજથી અમલીકરણ કરવા સહમતી દર્શાવી હતી.

# ઉનાળુ પાક માટે 2500 મેટ્રિક ટન યુરિયા ખાતર ઉપલબ્ધ

**ખેતી કાર્યો** માટે રાસાયણિક ખાતરની જરૂરીયાતને ધ્યાને લેતાં ખાતરની આયાત કરાઈ



(પ્રતિનિધિ) આણંદ, તા.1

આણંદ જિલ્લામાં શિયાળુ પાકનો ઉત્પાદન સમયગાળો અંતિમ તબક્કામાં હોવા છે .તો જીલ્લામાં ક્યાંક ક્યાંક ઉનાળુ પાકના વાવેતરનો પણ પ્રારંભ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ખેતી માટે જરૂરી રાસાયણિક ખાતરની જરૂરીયાત ધ્યાને લેતા જિલ્લામાં અંદાજિત 2500 મેટ્રિક ટન યુરિયા ખાતરની આયાત કરવામાં આવી છે.

આણંદ જિલ્લામાં વર્તમાન સમયમાં રાસાયણિક ખાતરના અમર્યાદ ઉપયોગ સામે કુદરતી તત્વો જીવામૃત આધારિત પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધ્યો છે.જોકે તેમ છતાં ખેતી માટે હજી સલ્ફેટ, પોટાશ, નાઈટ્રોજન, બી એ પી ની સાથોસાથ યુરિયા ખાતરનો ઉપયોગ થતો રહે છે. જેથી રાસાયણિક ખાતરોની જરૂરિયાત રહેતી હોય છે.

ત્યારે આણંદ જિલ્લામાં હાલમાં ઉનાળુ પાકોના વાવેતર ટાણે ઈફકો અને ક્રિભકો દ્વારા આણંદ જિલ્લામાં અંદાજિત 2500 મેટ્રિક ટન યુરિયા ફાળવવામાં આવેલ છે. ખાતરની ફાળવણી કરવામાં ખાતરનો તબક્કાવાર જથ્થો પહોંચાડવામાં આવ્યો છે.

સ્વચ્છતાના બણગા ફૂંકતી પાલિકાની બેદરકારી સામે આવી

# કપડવંજના દાણા-નડિયાદ રોડ પર કચરાના ઢગલાથી હાલાકી

**રોગચાળાની** ભીતિ વચ્ચે અધિકારીઓએ તપાસની ખાતરી આપી



(પ્રતિનિધિ) કપડવંજ તા.2

કપડવંજ શહેરના દાણા રોડથી નડિયાદ રોડને જોડતા મુખ્ય બાયપાસ માર્ગ પર હાલમાં અસહ્ય ગંદકી અને કચરાના ગંજ ખડકાયા છે. એક તરફ નગરપાલિકા દ્વારા સ્વચ્છતાના દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ રોડની બંને બાજુએ ફેલાયેલા કચરાના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કપડવંજ કોર્ટ પાસેના બાયપાસ રોડ પર મોટી માત્રામાં કચરો જમા થતાં ગંદકીનું પ્રમાણ વધ્યું છે, જેના કારણે વિસ્તારમાં રોગચાળો ફેલાવાની ગંભીર શક્યતાઓ વર્તાઈ રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પાલિકામાં વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી, જેને પગલે લોકોમાં ભયનો માહોલ છે.

આ ગંભીર પ્રશ્ન અંગે ઈન્ચાર્જ સેનેટરી ઈન્સ્પેક્ટર અમરીશ પટેલે જણાવ્યું હતું કે, બાયપાસ રોડ પર કચરાના ઢગલા હોવાની જાણકારી મળતા જ તે દિશામાં તપાસ કરાવીને સત્વરે કચરાનો નિકાલ કરવામાં આવશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### બાલાસિનોરના જનોડમાં યોજાયેલા આરોગ્ય કેમ્પમાં 425 થી વધુ ગ્રામજનોએ લાભ લીધો



**બાલાસિનોર** | ગાયત્રી પરિવાર અને લાયન્સ ક્લબના સંયુક્ત ઉપક્રમે જનોડ ગામે નેત્ર નિદાન, ચશ્મા વિતરણ અને સર્વરોગ તપાસ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં અંધજન મંડળ નડિયાદના સહયોગથી 326 લોકોની આંખની તપાસ કરી 306 દર્દીઓને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. 119 ગ્રામજનોએ સર્વરોગ નિદાન અને 56 દર્દીઓએ ડાયાબિટીસ ચેકઅપનો લાભ લીધો હતો. લાયન્સ ક્લબના પ્રમુખ દક્ષાબેન પાઠક અને તેમની ટીમ તેમજ ગાયત્રી પરિવાર અને શાળા પરિવારના સહયોગથી આ માનવ સેવા કેમ્પ સફળ રહ્યો હતો.

### ચારુસેટમાં BDIAS સંસ્થાનો આઠમો વાર્ષિક મહોત્સવ ‘મેડમિન્ગલ 2026’ ઉજવાયો

**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન BDIAS સંસ્થાનો આઠમો વાર્ષિક દિન ‘મેડમિન્ગલ 2026’ તાજેતરમાં પ્રાર્થના અને



વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રિન્સીપાલ ડો. ધારા પટેલે સંસ્થાનો વાર્ષિક અહેવાલ રજૂ કરી વિદ્યાર્થીઓ ભવિષ્યમાં કુશળ હેલ્થકેર પ્રોફેશનલ્સ તરીકે નામ રોશન કરે તેવી આશા વ્યક્ત કરી હતી. આ સમારોહમાં શૈક્ષણિક અને સહ-અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ સિદ્ધિ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટીને એવોર્ડ્સ, સર્ટીફીકેટ અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડેપ્યુટી રજીસ્ટ્રાર રાકેશ દવે અને વાલીઓની ઉપસ્થિતિ રહ્યાં હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### અરણેજ કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે ‘કૃષિમાં હવામાનનું મહત્વ’ વિષય પર ખેડૂત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ અરણેજમાં ‘ગ્રામીણ કૃષિ મૌસમ સેવા’ અંતર્ગત ખેડૂત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



હતો. જેમાં ધોલેરા તાલુકાના ખેડૂતોને હવામાનના મહત્વ અને પાકો પર તેની અસર અંગે નિષ્ણાત વૈજ્ઞાનિકો દ્વારા ઊંડાણપૂર્વક માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે ભાલ વિસ્તારના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અને તેના ફાયદાઓ વિશે પણ વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કૃષિ વૈજ્ઞાનિકો અને કેન્દ્રના તમામ કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

### સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે ‘રિસર્ચ સ્કોલર્સ મીટ-2026’ રાષ્ટ્રીય કોન્ફરન્સનું ભવ્ય આયોજન

**આણંદ** | વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ દ્વારા PM-USHA ના સહયોગથી માનવિકી અને સામાજિક વિજ્ઞાન વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સ



સંપન્ન થઈ હતી. આ પ્રસંગે મુખ્ય વક્તા ડો. ઓમ જી ઉપાધ્યાય અને કુલપતિ પ્રો. નિરંજન પટેલે માતૃભાષાનું મહત્વ સમજાવી સંશોધકોને ભારતીય જ્ઞાન પરંપરા પર મૌલિક સંશોધન કરવા પ્રેરિત કર્યા હતા. ડિજિટલ હ્યુમેનિટીઝ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) જેવા આધુનિક વિષયો પર નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું અને 50થી વધુ વિદ્યાર્થીઓએ પોતાના સંશોધન પત્રો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમના અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિક્રમકુમાર ગોહેલ અને લોપા રાવલ સહિતના વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરાયાં હતાં.

### પેટલાદના ઇસરામા ખાતે બાગાયતી ખેતી અંગે 350 ખેડૂતોએ મેળવ્યું પ્રત્યક્ષ માર્ગદર્શન અપાયું



**પેટલાદ** | ઇસરામા સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે નાયબ બાગાયત નિયામક ડો. એસ. એસ. પીલ્લાઈના માર્ગદર્શન હેઠળ એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખેડૂતોને કેળ અને વિવિધ શાકભાજીની આધુનિક ખેતી પદ્ધતિઓ તેમજ ગુણવત્તાયુક્ત ઉત્પાદન થકી આવક વધારવા અંગે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતોને સેન્ટર પર તૈયાર કરાયેલા વિવિધ પાકોના પ્રાયોગિક નિદર્શનો બતાવી આધુનિક ટેકનિકલ પાસાઓ પ્રત્યક્ષ રીતે સમજાવવામાં આવ્યા હતા. આ તાલીમમાં આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લાના કુલ 350 જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### કપડવંજની જડાવબા શિશુ કેન્દ્રમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઇ

**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત જડાવબા શિશુ કેન્દ્રમાં



રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે વિજ્ઞાન મેળાનું આયોજન કરાયું હતું. જેમાં ડો. સામત રામ અને અંકિતભાઈ પરમાર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સીનિયર કેજીના 35 ભૂલકાઓએ સુરક્ષિત અને રસપ્રદ પ્રયોગો રજૂ કરી તેની પાછળનું વિજ્ઞાન પોતાની મૌલિક ભાષામાં સમજાવ્યું હતું. આ પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં નાનપણથી જ જિજ્ઞાસા, આત્મવિશ્વાસ અને શોધખોળ કરવાની ભાવના વિકસાવવાનો હતો. આ કાર્યક્રમમાં વાલીઓએ પણ હાજર રહી બાળકોની પ્રશંસા કરી હતી.

### કપડવજના માલાઈટાડીના પાંચ વિદ્યાર્થીએ NMMS પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી

**કપડવંજ** | કપડવંજ તાલુકાની પીએમ પ્રાથમિક શાળા માલાઈટાડીના પાંચ તેજસ્વી વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરની એનએમએમએસ



પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા, ગામ અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ પરીક્ષામાં સોઢા જાગૃતિકુવરબાએ 123 ગુણ અને વાઘેલા હાર્દિકભાઈએ 121 ગુણ મેળવી શાળામાં પ્રથમ ક્રમ હાંસલ કર્યા છે, જેમાં જુડવા બહેનો જાગૃતિ અને જાનકીએ સીઇટી બાદ હવે આ પરીક્ષામાં પણ સફળતા મેળવી વિશેષ સિદ્ધિ નોંધાવી છે. શાળાના અન્ય વિદ્યાર્થીઓ સોઢા નિર્મલકુમાર અને ગોહેલ હિરલબેને પણ શ્રેષ્ઠ ગુણ મેળવી મેરિટમાં સ્થાન પ્રાપ્ત કરતા શાળા પરિવારમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

### કપડવંજમાં વલ્લભ સેવા કેન્દ્ર દ્વારા 360 જરૂરિયાતમંદ બહેનોને ધાન્યદાન કીટનું વિતરણ કરાયું



**કપડવંજ** | કપડવંજના સવાસો ગોળ કડવા પાટીદારની વાડી ખાતે શ્રી વલ્લભ સેવા કેન્દ્ર દ્વારા 51મો ગંગાસ્વરૂપ બહેનો માટે ધાન્યદાન કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. હોળીના તહેવારને ધ્યાને રાખી 360 જેટલી બહેનોને ધાણી, ચણા, તેલ, ગોળ, સાડી અને ચંપલ જેવી જીવનજરૂરી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ નયનાબેન પટેલ સહિત સંગઠનના અગ્રણીઓ અને વિવિધ સેવા ટ્રસ્ટના હોદ્દેદારોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ૪. મુખ્ય સંયોજક ગોપાલભાઈ શાહ અને સંજયભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ સુંદર સેવા આપી હતી.

### નડિયાદની શાળાઓમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

**નડિયાદ** | ગુજકોસ્ટ પ્રેરિત ડો. કલામ લોક વિજ્ઞાન કેન્દ્ર-ખેડા દ્વારા નડિયાદની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ‘સાયન્સ મન્થ’



અંતર્ગત રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વાલ્લા, રઘવાણજ અને હાથનોલી શાળાઓમાં સી.વી. રામનના જીવન પરની ડોક્યુમેન્ટરી ફિલ્મ, વકૃત્વ સ્પર્ધા અને સાયન્સ મોડેલ ડેમોન્સ્ટ્રેશન જેવા કાર્યક્રમો યોજાયા હતા. વિદ્યાર્થીઓએ વિજ્ઞાનના જટિલ સિદ્ધાંતોને સરળ પ્રયોગો દ્વારા સમજ્યા અને પોસ્ટર મેકિંગ જેવી વિવિધ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓમાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

### નડિયાદમાં ‘ફ્રેમ્સ ઓફ જસ્ટિસ’ શોર્ટ ફિલ્મ સ્પર્ધા અંતર્ગત કાનૂની જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**નડિયાદ** | જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પલાણાની દિનશા પટેલ કોલેજમાં યુવાનો માટે રાષ્ટ્રીય કક્ષાની રીલ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધા વિશે વિસ્તૃત માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એન.એ. અંજારીઆના નેતૃત્વમાં યોજાયેલ આ પ્રસંગે સિવિલ જજ એસ.એસ. ત્રિવેદી અને સેક્રેટરી ડી.બી. જોષીએ પોક્સો એક્ટ તથા મહિલા સુરક્ષા કાયદાઓ વિશે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ સ્પર્ધામાં યુવાનો 90 સેકન્ડની રીલ અથવા 3 મિનિટની શોર્ટ ફિલ્મ દ્વારા કાનૂની સહાયની યોજનાઓ પર પોતાની મૌલિક કૃતિ રજૂ કરી શકશે.

### સરદાર પટેલ યુનિવર્સિટીમાં મહિલા અને માનવીય અધિકારો પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ** | મણીબેન પટેલ વિમેન્સ સ્ટડીઝ સેન્ટર દ્વારા લેડીઝ હોસ્ટેલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં નિષ્ણાત ડો. સ્નેહા મરાઠેએ વિદ્યાર્થીનીઓને શિક્ષણ, સમાન વેતન, સુરક્ષાના અધિકારો તેમજ પોષ એક્ટ (POSH Act) અને વિશાખા ગાઇડલાઇન્સ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. કુલપતિ પ્રો. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ વ્યાખ્યાનમાં 85થી વધુ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે હોસ્ટેલ રેક્ટર ડો. અનિલ મિશ્રા અને સેન્ટરના નિયામક ડો. વિરાજ રોઘેલિયા સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.